| | | |
|---|---|---|
| | | ડાકોર, બહુચરાજી, ડાંગ અને જુનાગઢ ખાતેના ૦૪ ગ્રાન્ટ ઇન એઇડ ભિક્ષુક કેન્દ્રોમાં મંજૂર મહેકમ અને પગાર વિષયક બાબતોમાં સુધારો કરવા બાબત. |

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.,
ઠરાવ ક્રમાંક: SJED/ NWR/e-file/17/2024/0045/CHH
સચિવાલય, ગાંધીનગર.
તા. / /૨૦૨૬

<u>વંચાણે લીધા:-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૨/૦૮/૨૦૨૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) નિયામકશ્રી સમાજ સુરક્ષાનો તા.૧૧/૧૧/૨૦૨૪નો પત્ર ક્રમાંક :-DSD/WBD/e-file/226/2024/0043/Children Protection Branch.

<u>સુધારા ઠરાવ:-</u>

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૨/૦૮/૨૦૨૪ના ઠરાવથી ડાકોર, બહુચરાજી, ડાંગ અને જુનાગઢ ખાતે ગ્રાન્ટ ઇન એઇડ ધોરણે ૧૦૦ ની ટોચ મર્યાદા ધરાવતાં ૦૪ નવા ભિક્ષુક કેન્દ્રો શરુ કરવાની નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫માં મંજુર થયેલ છે. આ ઠરાવથી ભિક્ષુક કેન્દ્ર શરુ કરવાં કુલ-૧૫ જગ્યાઓની ફિક્સ વેતન તથા માનદ માસિક વેતનથી મંજુરી આપેલ છે. આ કુલ-૧૫ જગ્યાઓના વેતનમાં સુધારો કરવા નિયામકશ્રી સમાજ સુરક્ષાએ વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના પત્રથી વિનંતી કરેલ હતી. પુખ્ત વિચારણાને અંતે ઉક્ત ઠરાવથી મંજૂર થયેલ મહેકમના ક્રમાંક (૧) અને (૭) ઉપર મંજૂર થયેલ જગ્યાઓના વેતનમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | મહેકમની સંખ્યા | માસિક વેતન (અન્ય ચાર્જિસ સિવાય) |
|---|---|---|---|
| ૧ | ઑફિસ ઇન્ચાર્જ / સુપ્રિટેન્ડન્ટ (આઉટસોર્સ) | ૧ | રૂ.૨૦,૦૦૦/- |
| ૨ | વિઝીટીંગ મેડિકલ ઑફિસર (V.M.O) | ૧ | વિઝિટ દીઠ રૂ.૨૫૦૦/- |

ના સ્થાને

| ક્રમ | જગ્યાનું નામ | મહેકમની સંખ્યા | માસિક વેતન (અન્ય ચાર્જિસ સિવાય) |
|---|---|---|---|
| ૧ | ઑફિસ ઇન્ચાર્જ / સુપ્રિટેન્ડન્ટ (આઉટસોર્સ) | ૧ | રૂ.૨૫,૦૦૦/- |
| ૨ | વિઝીટીંગ મેડિકલ ઑફિસર (V.M.O) | ૧ | માસિક માનદ વેતન રૂ.૨૫૦૦/- |

વંચાણે લીધેલા ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૨/૦૮/૨૦૨૪ના ઠરાવની અન્ય જોગવાઇઓ તથા શરતો યથાવત રહેશે.

ઉક્ત સુધારા ઠરાવની અમલવારી ઠરાવ મંજૂર થયા તારીખથી કરવાની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તેમજ સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જીગર પટેલ )
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/છ-૨ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.

*Signature Not Verified*

*Signed by:Jigar Patel*
*Section Officer*
*Date:2026.06.09*
*13:01:42 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*